# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે આયોજિત બે દિવસીય તાલીમ કાર્યક્રમ

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી તથા આત્મા પ્રોજેકટ, ખેડા ના સંયુક્ત ઉપક્રમે "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" યોજના અંતર્ગત તા: ૨૧-૦૯-૨૦૧૬ અને ૨૨-૦૯-૨૦૧૬ એમ બે દિવસીય "રોકડિયા પાકોની ખેતી પધ્ધતિ" પર તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં કઠલાલ તાલુકાનાં જુદા જુદા ગામોમાંથી ૩૦ ખેડૂતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બી. એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી એ પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તદ્દુપરાંત કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન અને વિસ્તરણને લગતી પ્રવૃત્તિઓથી ખેડૂતોને વાકેફ કર્યા હતા. પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે "સંકલિત જીવાત વ્યવસ્થાપન, એક આગવો અભિગમ" તથા મહત્વના રોકડિયા પાકોમાં પાક સંરક્ષણ પર વિસ્તૃત વ્યાખ્યાન આપેલ.

ડૉ. જે. કે. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ રોકડિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ. પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શાસ્ત્રીએ "આધુનિક કૃષિમાં નવીનતમ તજજ્ઞતાઓની અગત્યતા અને બજાર વ્યવસ્થાપન" વિશે વિસ્તૃત ચિતાર આપ્યો હતો તથા પધારેલ ખેડૂતોને કેન્દ્રની મુલાકાત કરાવેલ.

કાર્યક્રમના અંતે શ્રી. બીપીનભાઇ, બીટીએમ, કઠલાલ એ આભારવિધી કરી હતી.









